# જોર્ડન, ઇથોપિયા અને ઓમાનની મુલાકાત પહેલાં પ્રધાનમંત્રીનું નિવેદન

15 ડિસેમ્બર, 2025

આજે, હું હાશમાઇટ કિંગડમ ઑફ જોર્ડનના, ફેડરલ ડેમોક્રેટિક રિપબ્લિક ઑફ ઇથોપિયા અને સલ્તનત ઑફ ઓમાનની ત્રણ દેશોની યાત્રા પર જઈ રહ્યો છું. આ ત્રણ એવા દેશો છે, જેમની સાથે ભારતના વ્યાપક સમકાલીન દ્વિપક્ષીય સંબંધોની સાથે-સાથે પૌરાણિક સભ્યતાગત સંબંધો છે.

2. સૌ પ્રથમ, હું મહામહિમ કિંગ અબ્દુલ્લા II ઇબ્ન અલ હુસૈનના નિમંત્રણ પર જોર્ડનની મુલાકાત લઈશ. આ ઐતિહાસિક મુલાકાત આપણા બંને દેશો વચ્ચે રાજદ્વારી સંબંધોની સ્થાપનાના 75 વર્ષને ચિહ્નિત કરશે. મારી યાત્રા દરમિયાન, હું મહામહિમ કિંગ અબ્દુલ્લા II ઇબ્ન અલ હુસૈન, જોર્ડનના પ્રધાનમંત્રી શ્રી જાફર હસન સાથે વિગતવાર ચર્ચા કરીશ અને મહામહિમ ક્રાઉન પ્રિન્સ અલ હુસૈન બિન અબ્દુલ્લા II સાથે પણ મુલાકાત કરીશ. અમ્માનમાં, હું વાઇબ્રન્ટ ભારતીય સમુદાયને પણ મળીશ જેમણે ભારત-જોર્ડન સંબંધોમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે.

3. અમ્માનથી, ઇથિયોપિયાના પ્રધાનમંત્રી, મહામહિમ ડૉ. અબી અહમદ અલીના આમંત્રણ પર, હું ફેડરલ ડેમોક્રેટિક રિપબ્લિક ઑફ ઇથિયોપિયાની મારી પ્રથમ યાત્રા કરીશ. અદીસ અબાબા આફ્રિકન યુનિયનનું મુખ્યાલય પણ છે. 2023 માં, ભારતની G20 અધ્યક્ષતા દરમિયાન, આફ્રિકન યુનિયનને G20 ના કાયમી સભ્ય તરીકે શામેલ કરવામાં આવ્યું હતું. અદીસ અબાબામાં, હું મહામહિમ ડૉ. અબી અહમદ અલી સાથે વિગતવાર ચર્ચા કરીશ અને ત્યાં રહેતા ભારતીય પ્રવાસીઓને મળવાની તક પણ મળશે. મને સંસદના સંયુક્ત સત્રને સંબોધવાનું પણ સૌભાગ્ય મળશે, જ્યાં હું "લોકશાહીની જનની" તરીકે ભારતની યાત્રા અને ભારત-ઇથોપિયા ભાગીદારી ગ્લોબલ સાઉથ માટે મૂલ્ય લાવી શકે છે, જેના પર મારા વિચારો શેર કરવા માટે ઉત્સુક છું.

4. મારી યાત્રાના અંતિમ તબક્કા પર, હું સલ્તનત ઑફ ઓમાન જઈશ. મારી આ યાત્રા ભારત અને ઓમાન વચ્ચે રાજદ્વારી સંબંધોની સ્થાપનાના 70 વર્ષને ચિહ્નિત કરશે. મસ્કટમાં, હું ઓમાનના મહામહિમ સુલ્તાન સાથે અને અમારી વ્યૂહાત્મક ભાગીદારી તેમજ અમારા મજબૂત વ્યાવસાયિક અને આર્થિક સંબંધોને મજબૂત બનાવવા માટે મારી વાતચીત માટે આતુર છું. હું ઓમાનમાં ભારતીય સમુદાયની એક સભાને પણ સંબોધિત કરીશ, જેમણે દેશના વિકાસમાં અને અમારી ભાગીદારીને વધારવામાં ખૂબ જ યોગદાન આપ્યું છે.

નવી દિલ્લી

15 ડિસેમ્બર, 2025